શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# સર્વ શિક્ષા અભિયાન

જિલ્લા પ્રોજેક્ટ કો. ઓ. ની કચેરી
એ.વી.સ્કુલ કંમ્પાઉન્ડ,ક્રેસન્ટ સર્કલ–ભાવનગર

ટોલ ફ્રી નંબર : ૧૮૦૦–૨૩૩–૦૮૫૪ ફોન નં. ફેકસ નં.૦૨૭૮–૨૪૩૦૮૫૫

પત્ર ક્રમાંક : એસ.એસ.એ./એમ.આઈ.એસ./૧૯/550 તારીખ : ૧૫/૦૪/૨૦૧૯

:: **<u>પરીપત્ર</u>** ::

વંચાણે લીધા :

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ જા.નં.:૧૫૨૯૮–૩૧૨ તા.૨૨/૦૯/૨૦૧૭

(૨) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીનાં પત્ર ક્રમાંક : એસ.એસ.એ. / એમ.આઈ.એસ./૨૦૧૭/ ૪૨૧૦૭– ૧૮૦ તા. તા. ૧૩/૧૦/૧૭

(૩) રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન પત્ર ક્રમાંક : આરએમએસએ/ એમ.આઈ.એસ./યુ–ડાયસ/૨૦૧૭/ ૧૨૨૨૨–૧૨૨૯૨ તા. તા. ૦૬/૧૧/૧૭

(૪) સમગ્ર શિક્ષા અભિયાન કચેરી ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : એસએસએ/એમઆઈએસ/૨૦૧૯/ ૧૩૬૮૦ – ૭૫૩ તા.૧૨/૦૪/૨૦૧૯

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત દર વર્ષે ૩૦ મી સપ્ટેમ્બરની સ્થિતિએ UDISE ફોર્મમાં માહિતી મેળવી એકત્રીકરણની કામગીરી કરવામાં આવે છે.

ભારત સરકારનાં માનવ સંસાધન વિકાસ (MHRD) ધ્વારા વર્ષ : ૨૦૧૮ –૧૯ માં UDISE ને વિસ્તૃત કરી ઓનલાઈન UDISE+ (Extended UDISE) કરવામાં આવેલ છે. MHRD ની સુચના અન્વયે વર્ષ :૨૦૧૮–૧૯ માં રાજયની ધોરણ – ૧ થી ૧૨ ધરાવતી તમામ શાળાઓની માહિતી UDISE+ અંતર્ગત મેળવવાની થાય છે.

વર્ષ : ૨૦૧૮ –૧૯ નું જિલ્લા શૈક્ષણિક માહિતી પત્રક (UDISE + DCF Form) ની તમામ કક્ષાની કામગીરી UDISE+ ઓનલાઈન એપ્લીકેશન (<u>http://udiseplus.gov.in</u>) મારફતે કરવાની રહેશે.

સદર અંગે આપશ્રીને જણાવવાનું કે, વર્ષ : ૨૦૧૮ – ૧૯ માં ધોરણ ૧ થી ૧૨ પૈકીનાં ધોરણો ધરાવતી તમામ શાળાઓ જેવી કે પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માહિતી UDISE+ અંતર્ગત મેળવવા જણાવવામાં આવે છે. આ શાળાઓ કોઈપણ સંચાલન જેમકે સરકારી, આશ્રમ શાળા, ખાનગી ગ્રાન્ટેડ, ખાનગી નોન ગ્રાન્ટેડ, કેન્દ્ર સરકાર, મોડેલ સ્કુલ, જવાહર નવોદય ધ્વારા સંચાલિત કેન્દ્રીય શાળાઓ, મદ્રેસા વકફ બોર્ડ સંચાલિત શાળાઓ, કે.જી.બી.વી. શાળાઓ કે અન્ય કોઈપણ સંચાલન ધ્વારા સંચાલિત હોય તેવી તમામ શાળાઓના UDISE ફોર્મ ફરજીયાત મેળવવા આથી સૂચના આપવામાં આવે છે.

સમગ્ર શિક્ષા યોજના અન્વયે જિલ્લા કક્ષા તેમજ રાજય કક્ષાએ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરનાં શૈક્ષણિક આયોજન માટે તૈયાર કરવામાં આવતા વાર્ષિક અંદાજપત્રમાં તથા શૈક્ષણિક નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતી વિષયક નિર્ણયો લેવામાં રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ U-DISEની માહિતીને આધારભૂત ગણી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક પ્રક્રિયા અને યોજનામાં ભાગ લેવા માટે શાળા પાસે U-DISE કોડ હોવો જરૂરી છે. જેમ કે, NMMS - National Means Cum Merit Scholrship Scheme Exam અન્વયે શાળા કક્ષાએ ઓનલાઈન ભરતા વિદ્યાર્થીઓનાં ફોર્મમાં શાળાઓ U-DISE કોડ ફરજીયાત છે તેમજ તમામ ખાનગી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં રજીસ્ટ્રેશન માટે શાળાનાં ૧૧ આંકડાનાં U-DISE કોડની

જરૂરીયાત રહે છે. શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં શિક્ષકોનાં અનુભવનો આધાર તરીકે માત્ર U-DISE નાં વર્ષ વાર શિક્ષક રેકર્ડને જ આધારભૂત ગણવામાં આવે છે.

વધુમાં, આપના જિલ્લાનો નામાંકન દર, ડ્રોપઆઉટનો દર, શાળાઓની માહિતી, નામાંકન અને શિક્ષકોની માહિતી U-DISE માંથી સરળતાથી મેળવી શકો છો. આમ U-DISE DATA ની અગત્યતાથી આપ વાકેફ છો.

શિક્ષણ નો અધિકાર (આર.ટી.ઈ.) અધિનિયમ– ૨૦૦૯ ની કલમ – ૧૨ (૩) તથા ગુજરાત રાઈટ ટુ એજયુકેશન રુલ્સ ૨૦૧૨ માં નિયમ – ૧૩(૧) (જ) (ઝ) અને તે સાથેનાં પરિશિષ્ઠ – ૨ નાં નમુના – ૨ ની શરતો ની શરત નં. ૧૦ અને ૧૭ અનુસાર દરેક શાળાએ આ માહિતી આપવી ફરજીયાત છે. આ અંગે ઉપરોકત તમામ શાળાઓની નોંધણી UDISE+ અંતર્ગત હોવી જરૂરી છે.

વર્ષ : ૨૦૧૮ – ૧૯ માં તમામ શાળા U-DISE ની માહિતી આપે તે રીતનું આયોજન કરવા જણાવવામાં આવે છે. જો કોઈ શાળા આ માહિતી આપવાની ના પાડે તો જે તે વિસ્તારનાં સી.આર.સી. અને બી.આર.સી. કો.ઓર્ડિનેટરે રૂબરૂ જઈ U-DISE ફોર્મની માહિતીની અગત્યતા આર.ટી.ઈ. અધિનિયમની સમજ અપાવવી, શાળા પાસેથી U-DISE ની માહિતી મેળવવાની પ્રાથમિક જવાબદારી સીઆરસી કો.ઓ. અને બીઆરસી કો.ઓ. ની છે. તેમ છતાં પણ જો કોઈ શાળા માહિતી ન આપે તો તેમને માન્યતા આપેલ અધિકારીશ્રીએ આવી શાળાની માન્યતા તાત્કાલીક રદ કરવા સુધીનાં શિક્ષાત્મક પગલાં લેવા જણાવવામાં આવે છે. જેમ કે પ્રાથમિક/ ઉચ્ચતર પ્રાથમિક શાળા માટે જિલ્લાનાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રીને તેમજ માધ્યમિક / ઉચચતર માધ્યમિક શાળા માટે જિલ્લાનાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આવી શાળાની માન્યતા રદ કરવા સુધીનાં શિક્ષાત્મક પગલા લેવા જણાવવામાં આવે છે.

UDISE+ ની કામગીરી અંગે નીચેની બાબતો ધ્યાનમાં રાખી જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

[1] બ્લોક કક્ષાએ પોતાના બ્લોકનાં Username અને Password થી Login થઈ પોતાની બ્લોકવાર શાળાઓની વિગત ચકાસી લેવાની રહેશે.

[2] સીઆરસી કો.ઓર્ડિનેટરે પોતાના તાબા હેઠળની તમામ સરકારી, આશ્રમ, ખાનગી ગ્રાન્ટેડ, ખાનગી નોન ગ્રાન્ટેડ, કેન્દ્ર સરકાર, મોડેલ સ્કુલ, જવાહર નવોદય, કેજીબીવી, મદ્રેસા વગેરે જેવી તમામ શાળામાં UDISE+ DCF Form મોકલી આપવાનું રહેશે તેમજ ભરેલ UDISE+ DCF Form શાળા કક્ષાએથી અચૂક મેળવી બીઆરસી પર મોકલી આપવાનાં રહેશે.

[3] બ્લોક કક્ષાએ એમ.આઈ.એસ. / ડેટા એન્ટ્રી ઓપરેટરે તમામ શાળાનાં UDISE+ Form ની ડેટા એન્ટ્રી UDISE+ ઓનલાઈન એપ્લીકેશનમાં કરવાની રહેશે.

[4] સીઆરસી કો.ઓર્ડિનેટરે શાળાકક્ષાએથી ભરાયેલ UDISE+ Form ની 100% ચકાસણી હાર્ડ કોપી તેમજ ઓનલાઈન એન્ટ્રી કરતી વખતે પણ કરવાની રહેશે.

[5] જિલ્લા કક્ષા તેમજ બ્લોક કક્ષાએ UDISE+ ઓનલાઈન એપ્લીકેશનમાંથી પ્રમાણપત્ર ડાઉનલોડ કરી સહી સિકકા કરી ઓનલાઈન અપલોડ કરવાનું રહેશે.

[6] માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરની તમામ શાળાનાં UDISE+ ફોર્મ સમયસર મળી જાય તે માટે AEI અને EI મળીને સદર કામગીરીમાં જોડાય તે રીતનું આયોજન કરવાનું રહેશે.

[7] UDISE+ અંગેની તમામ મીટીગ અને તાલીમ પ્રોગ્રામમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ સાથે મળી આયોજન કરવું તેમજ બન્ને અધિકારીશ્રીએ વારંવાર આ અંગે થયેલ કામગીરીની સમીક્ષા કરવાની રહેશે.

[8] બ્લોક એમ.આઈ.એસ. કો.ઓ. એ UDISE+ અંગેની રોજેરોજની કામગીરીની વિગત જિલ્લા એમ.આઈ.એસ. કો.ઓ. ને આપવાની રહેશે.

[9] આપની કક્ષાએથી તમામ શાળાના શિક્ષકોની વિગત આધાર નંબર સાથે U-DISE ફોર્મમાં મળી રહે તે અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

એસએસએનો તમામ સ્ટાફે સદર કામગીરી આ સાથે જોડેલ સમય પત્રક મુજબ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવી તેમજ સદર બાબતમાં જે તે કક્ષાએ પોતાની જવાબદારી નિભાવવામાં નિષ્કાળજી દાખવનાર સામે શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, શાસનાધિકારીશ્રી, જિલ્લા એમ.આઈ.એસ. ધ્વારા માહિતીની અગત્યતા સમજી આ કામગીરીની અઠવાડીક સમીક્ષા કરવામાં આવશે. સમગ્ર જિલ્લાની UDISE+ ની માહિતી ૩૧ મી મે – ૨૦૧૯ સુધીમાં ઓનલાઈન કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

સમય મર્યાદામાં યુ–ડાયસની તમામ કામગીરી પૂર્ણ કરવા આપની શાળા / સંસ્થા સહયોગ નહી કરે તો સંસ્થાની માન્યતા રદ કરવા સુધીનાં શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે. જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
બહુમાળી ભવન
ભાવનગર

જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર
અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સર્વ શિક્ષા અભિયાન, ભાવનગર

**નકલ સવિનય રવાના :**

(૧) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૩) નિયામકશ્રી, પ્રા. શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર

**નકલ રવાના : જરૂરી અમલવારી સારૂ.**

(૧) આચાર્યશ્રી, તમામ – માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, પ્રાથમિક શાળાઓ તમામ (ગ્રાન્ટેડ, નોનગ્રાન્ટેડ, સરકારી)
(૨) કન્વીનરશ્રી, શાળા વિકાસ સંકુલ, ભાવનગર તમામ.
(૩) કેળવણી નિરીક્ષકશ્રી તમામ, } તમામ શાળાઓમાં આપની કક્ષાએથી જાણ કરવા સારુ
(૪) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ,
(૫) બી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રી તમામ } શાસનાધિકારીશ્રીને નકલ પહોચતી કરવી
(૬) શાસનાધિકારીશ્રી, ભાવનગર, મહુવા